# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-09-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIDHANSABHA FIRST DAY

ગુજરાત વિધાનસભા સત્રના પહેલા દિવસનો પ્રારંભ આજે પ્રશ્નોત્તરી કાળથી થયો. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , એક કલાકના પ્રશ્નોત્તરી કાળમાં મુખ્યમંત્રી હસ્તકના મહેસૂલ, શહેરી વિકાસ, માર્ગ અને મકાન, ગૃહ અને પંચાયત તથા રમતગમત યુવા અને સાંસ્કૃતિક બાબતો સહિતના વિભાગના પ્રશ્નો પર ચર્ચા થઈ.

ત્યારબાદ ગૃહમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણી સહિત અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દિવંગતો , પૂર્વ મંત્રી સ્વર્ગીય હેમાબેન આચાર્ય, ઈશ્વરસિંહ ચાવડા , નૂરજહાંબખ્ત બાબી , પૂર્વ નાયબ મંત્રી સ્વર્ગીય બળવંતરાય મણવર તથા રાજ્યના પૂર્વ સભ્યો સ્વર્ગીય ભૂપેન્દ્ર કુમાર પટણી અને રણછોડ મેરના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ રજૂ કરાયાં.

ગૃહમાં ગુજરાત માલ અને સેવા વેરા દ્વિતીય સુધારા અને ગુજરાત જનવિશ્વાસ જોગવાઈઓના સુધારા ખરડો રજૂ કરાશે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA DATA CENTRE

રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું , રાજ્યકક્ષાના ડેટા સેન્ટરના નિર્માણ બાદ લોકોને માત્ર એક ક્લિકથી પોતાના મહેસૂલી દસ્તાવેજોની નકલ મળી શકશે. ગુજરાત વિધાનસભાના આજે આ અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા શ્રી વિશ્વકર્માએ કહ્યું , સાત—12ના ઉતારા , નકશા, માપણી જેવા મહેસૂલ વિભાગ હસ્તકના જમીન દફતર ખાતાના અને મહેસૂલી કચેરીઓ હસ્તકના તમામ દસ્તાવેજનું ડિજિટાઇઝેશન કરાયું છે.

ગાંધીનગરના સેકટર-14માં રાજ્યકક્ષાના ડેટા સ્ટૉરેજ સૅન્ટરમાં જાળવણી માટે કૉમ્પેક્ટરની સુવિધાવાળા વિશાળ રૅકર્ડ રૂમ , સભાખંડ , તાલીમ કક્ષ અને સંગ્રહાલય સહિત કુલ સાત માળનું બે લાખ 44 હજાર 725 ચોરસ ફૂટનું બાંધકામ કરાશે તેમ પણ શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું.

. . . . . . . . .

# SANGHAVI VIDHANSABHA

રાજ્યની પોલીસે “તેરા તુજ કો અર્પણ” પહેલ હેઠળ અત્યાર સુધીમાં 40 હજાર 811 જેટલા લાભાર્થીઓને 500 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો સામાન પરત કર્યો છે. ગુજરાત વિધાનસભામાં આ પહેલ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , આ પહેલ હેઠળ નવ હજાર 81 કાર્યક્રમ થકી લાભાર્થીઓને તેમનો સામાન પરત અપાયો છે.

આદિજાતિ વિસ્તારમાં સુરત , નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લાઓમાં તેરા તુજકો અર્પણ પહેલ અંતર્ગત બે હજાર 315 લોકોને 105 કરોડ રૂપિયાથી વધુનો સામાન પરત કરાયો હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું.

. . .

# VIDHANSABHA SATRA BETHAK

સત્ર પહેલા આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્ય દળની બેઠક યોજાઈ. તેમાં ધારાસભ્યોને તેમના કામ અને જવાબદારી અંગે માર્ગદર્શન અને ગૃહમાં રજૂ થનારા પાંચ ખરડા અંગે માહિતી અપાઈ.

. . . . . . . . .

# RAIN IN DISTRICTS

રાજ્યમાં ગઈકાલથી ભારે વરસાદ થતાં ઉત્તર ગુજરાતના ઘણા ભાગમાં વરસાદનું જોર ઘટ્યું છે. છતાં કેટલાક વિસ્તારો પાણીમાં ગરકાવ હોવાથી આ પ્રદેશમાં સામાન્ય જનજીવનને અસર થઈ છે.

દરમિયાન આજે કચ્છ , બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સામાન્યથી મધ્યમ વરસાદ નોંધાયો. ગત બે દિવસથી સતત વરસાદને લઈ બનાસકાંઠાના સુઈગામ , ભાભર, વાવ અને થરાદ , જ્યારે કચ્છનો રાપર તાલુકો હજી પણ પાણીમાં ગરકાવ છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(V/C – RAMJI MERIYA, EAST KUTCH)

ભારે વરસાદને લઈ ભચાઉ અને રાપરમાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભચાઉનું નરાગામ હાલ સંપર્કવિહોણું બન્યું છે. વરસાદને લઈ આજે સમગ્ર જિલ્લામાં શૈક્ષણિક કાર્ય બંધ રખાયું. તેમજ જિલ્લાની ST બસોના 10 રૂટ અને 18 ફેરા બંધ કરાયા હોવાનું કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું.

(BYTE: ANAND PATEL, COLLECTOR, KACHCHH)

સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહીને લઈ ખેડબ્રહ્મા , પોશીના અને વિજયનગરમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ આજે બંધ રહી.

પાટણમાં આજે સવારે છ વાગ્યા સુધીમાં સૌથી વધુ પોણા આઠ ઇંચ જેટલો વરસાદ સાંતલપુર તાલુકામાં થયાના અહેવાલ છે.

મોરબીનો મચ્છુ બે બંધ 90 ટકા જેટલો ભરાતા મોરબી તાલુકાના 20 અને માળિયા તાલુકાના નવ ગામને સાવચેત કરાયા છે. લોકોને મચ્છુ નદીના પટમાં ન જવા પણ વહીવટી તંત્ર દ્વારા સૂચના અપાઈ છે.

તો ડાંગમાં વરસાદને લઈ અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગિરા નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે 10 જેટલા માર્ગ બંધ રહ્યા છે. . . .